શાંતિ જે બધી અશુભ ઇચ્છા ઉપર અને બધા જ અંધકાર ઉપર હંમેશાં વિજયી બનતી હોય છે.

પ્રભુ, તને હું વિનંતી કરું છું, મારા સ્વરૂપનું સર્વ કાંઈ તારી સાથે એકરૂપ બની જાઓ. તારા પરમ સાક્ષાત્કાર માટે સંપૂર્ણ સજાગ બનેલા પ્રેમની એક મશાલ માત્ર હું બની રહું.

*

**પ્રભુ,** હું એક એવો તો જીવંત પ્રેમ બની રહેવા માગું છું કે જે સર્વ એકલતાઓને છલકાવી દે અને સર્વ ગ્લાનિને શાંત કરી આપે.

હે પ્રભુ, તારા પ્રત્યે મારો પુકાર છે : મને એવી તો સળગતી અંગીઠી બનાવી દે કે જે સર્વ વેદનાઓને બાળીને ભસ્મ કરી નાખે અને એ વેદનાઓને સર્વનાં હૃદયોને પ્રકાશિત કરતા એક આનંદમય પ્રકાશમાં ફેરવી નાખે ! ...

મારી પ્રાર્થનાને સાંભળ : મને વિશુદ્ધ પ્રેમની અને અસીમ કરુણાની એક અંગીઠી રૂપે બનાવી દે.

પ્રાર્થનાઓ અને ધ્યાન - શ્રી માતાજી
ફેબ્રુઆરી ૨૩, ૧૫, ૨ - ૧૯૧૪



From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● July 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
JULY
૧ જુલાઈ, ૨૦૨૧

## – Grant O Lord –
## ══ હે પ્રભુ, તું આપ ══

**GRANT O Lord,** that we may be more and more conscious of Thy law, that is, be one with it, so that we may foster its manifestation in all things.

Lord, grant that I may become master of my vagabond thought, that living in Thee I may see life only through Thee, and the illusion of material reality may come to an end and be replaced by a perception more in conformity with Thy eternal reality.

Let me live constantly in Thy divine Love, so that it may live in me and through me.

Grant that I may be an efficient and clear-sighted collaborator and that everything within me may foster the plenitude of Thy manifestation.

I know all my imperfections, my difficulties, my weaknesses, I feel all my ignorance, but I put my full trust in Thee and bow down before Thee in silent devotion.

*

... ... ...

Give me constancy in the will to attain the end, give me firmness and energy and the courage which shakes off all torpor and lassitude.

Give me the peace of perfect disinterestedness, the peace that makes Thy presence felt and Thy intervention effective, the peace that is ever victorious over all bad will and every obscurity.

Grant, I implore Thee, that all in my being may be identified with Thee. May I be nothing else any more than a flame of love utterly awakened to a supreme realisation of Thee.

*

**O LORD,** I would like to be so ardent a love that all lonelinesses may be filled up by it and all sorrows soothed.

O Lord, I cry unto Thee: Make me a burning brazier which consumes all suffering and transforms it into joyous light irradiating the hearts of all! . . .

Grant my prayer: Transform me into a brazier of pure love and boundless compassion.

Prayers and Meditations - The Mother
February 23-15-2, 1914

**ઓ પ્રભુ,** અમારી પ્રાર્થના છે કે અમે તારા નિયમ વિષે વધુ ને વધુ સભાન બનીએ, એ નિયમ સાથે 'એક' બની રહીએ અને એ રીતે પ્રત્યેક પદાર્થમાં એ નિયમના આવિર્ભાવની ક્રિયાને વધુ સરળ બનાવી આપીએ.

ઓ પ્રભુ, મારી પ્રાર્થના છે કે હું મારા રખડતા વિચારોની સ્વામી બની રહું, તારી અંદર નિવાસ કરતી કરતી હું કેવળ તારી દ્વારા જ જીવનને જોવા લાગું, જડતત્ત્વની વાસ્તવિકતાની જે ભ્રાંતિ છે તેનો અંત થઇ જાઓ, અને તારી શાશ્વત વાસ્તવિકતાને વધારે અનુકૂળ હોય એવી દ્રષ્ટિ અમને આવી મળો.

મને સતત તારા દિવ્ય પ્રેમની અંદર જ રહેવા દે, અને એ રીતે પછી એ પ્રેમ મારી અંદર રહેતો થઇ જાય અને મારી દ્વારા જીવિત રહે એમ થાય.

મારી પ્રાર્થના છે કે હું તારા કાર્ય માટે એક ઉપયોગી અને સ્પષ્ટદર્શી એવી સહાયિકા બની રહું અને મારી અંદરની બધી વસ્તુઓ તારા આવિર્ભાવની સમૃદ્ધિને જ વધારતી રહે.

હું મારી બધી અપૂર્ણતાઓ, મારી મુશ્કેલીઓ, મારી નબળાઈઓ જાણું છું, હું ક્યાં અજ્ઞાન છું તે હું અનુભવું છું, પરંતુ હું મારો બધો વિશ્વાસ તારી અંદર મૂકું છું અને એક શાંત ભક્તિપૂર્વક, હું તારે ચરણે નમન કરું છું.

*

... ... ...

તું મને ધ્યેય સિદ્ધ કરવા માટેની સંકલ્પશક્તિમાં સ્થિરતા આપ, એવી દૃઢતા, શક્તિ અને હિંમત આપ જે સર્વ જડતા અને શિથિલતાને ખંખેરી દૂર કરે.

તું મને સંપૂર્ણ અનાસક્તિની શાંતિ આપ, એ શાંતિ જે તારા સાંનિધ્યનો અનુભવ કરાવે છે અને તારા હસ્તક્ષેપને સફળ બનાવે છે, એ